# Day to Day Current Affairs

૨૬ સપ્ટેમ્બર ૨૦૧૫

૧. જ્યોતિન્દ્રભાઇ મહેતા :

- તાજેતરમાં ગુજરાત અર્બન કો.ઓપરેટી બેંક્સ ફેડરેશનના ચેરમેન પદે જ્યોતિન્દ્રભાઇ મહેતાની સતત ત્રીજી વખત બીન હરીફ વરણી થઇ.

૨. ગુજરાતની 2400 ST બસમાં જીપીએસ લગાવાશે. :

- ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમ દ્વારા આગામી 15 દિવસામાં રાજ્યની 2400 એક્સપ્રેસ બસોમાં જીપીએસ ( ગ્લોબલ પોઝિશનિંગ સિસ્ટમ) ફિટ કરવામાં આવશે.

- જેના કારણે બસ હાલમાં ક્યાં છે તે ચોક્કસ ડેસ્ટિનેશન પર ક્યારે પહોંચશે, તેમાં કેટલા પેસેન્જર ચડ્યા અને ઉતર્યા છે, કઇ હોટલ પર હોલ્ટ કર્યો છે, બસ રાયોટ વિસ્તારના અમાન્ય સ્ટોપ પર ઉભી છે કે કેમ તે સહિતની તમામ માહિતી માત્ર 20 સેકાન્ડમાં જાણી શકાશે.

- આ સિસ્ટમ જીએસઆરટીસીની વેબસાઇટ સાથે લિન્કઅપ કરવામાં આવશે.

- ટ્રાયલ બેઝ પર તેનો અમલ કરવા માટે અમદાવાદ – રાજકોટ રૂટની બે બસમાં આ સિસ્ટમ લગાવામાં આવી હતી જે પ્રયોગ સફળ થતાં હવે રાજ્યની 2400 એક્સપ્રેસ બસોમાં જીપીએસ એક્ટિવ થશે.

- આ માટેનો કોન્ટ્રક્ટર મેળવનાર કંપનીને પ્રથમ તબક્કામાં જીપીએસ માટે જીએસઆરટીસી દ્વારા દર મહિને બસ દીઠ રૂ 999, બીજા તબક્કામાં રૂ 875 અને અંતિમ તબક્કામાં દર મહિને રૂ 670 ચુકવવામાં આવશે.

- આ ઉપરાંત ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર વિભાગ દ્વારા દેશમાં ઇલેક્ટ્રિક બસનો પબ્લિક ટ્રાન્સપોર્ટ માટેનો પ્રયોગ કરવામાં આવશે.

- આ માટે રૂ 22 કરોડના ખર્ચેફાઇવસ્ટાર સુવિધા ધરાવતી 6 બસો જીએસઆરટીસી દ્વારા ખરીદવામાં આવી છે.

- પાઇલોટ પ્રોજેક્ટ તરીકે અમદાવાદ – ગાંધીનગર રૂટ પર આ બસો દોડાવવામાં આવશે.

- તેમજ ગ્રામ્ય રૂટો પર એસ.ટી.તંત્ર દ્વારા 300 મિનિબસ દોડવવાનું આયોજન કરવામાં આવ્યુંછે.

- આ મિનિબસ 24 સીટની હશે જે રાયોટ વિસ્તારમાં જ્યાં વિદ્યાર્થી ઓછા હોય અને ટ્રાફિક ઓછો હોય તેવા વિસ્તારમાં લોકોની સુવિધા માટે દોડાવવાનું આયોજન કરવામાં આવ્યું છે.

૩. ભારતીય મુળની ત્રણ વ્યક્તિ ઓબામાની સલાહકાર સમિતિમાં સમાવેશ :

- તાજેતરમાં અમેરિકી રાષ્ટ્રપ્રમુખ બરાક ઓબામાએ ભારતીય મુળની ત્રણ વ્યક્તિને તેમની સલાહકાર સમિતિમાં નિમણૂક કરી છે.

- ૧.પ્રીતા બંસલ ૨. નીપૂર્ણ મહેતા ૩. જસજીતસિંહ

- આ ઉપરાંત કુલ 14 લોકોનો તેમાં સમાવેશ કરાયો.

૪. હવે એટીએમ માંથી રૂપિયા 50 ની નોટ બહાર નિકળશે :

- વિવિધ બેંકના એટીએમ માંથી હવે ટૂંક સમયમાં રૂ 50 ની નોટ મળી શકશે.

- આ અંગે ભારતીય રીઝર્વ બેંક તમામ બેંકોને આદેશ જારી કર્યો છે.

૫. ઇન્ડિયન બેડમિન્ટન લીગ :

- આઇપીએલ સ્ટાઇલની બેડમિન્ટન લીગનું પુ:ન આયોજન કરવાનું બેડમિન્ટન ફેડરેશન ઓફ ઇન્ડિયાએ નક્કી કર્યું છે.

- આઇબીએલની પ્રથમ સિઝન 2013માં રમાઇ હતી.
- હવે જાન્યુઆરી 2016થી બેડમિન્ટન લીગની બીજી સિઝન શરૂ થશે.
- આ વખતે બીજી સિઝનમાં પૂણેના સ્થાને ચેન્નાઇની ફ્રેન્ચાઇઝીને સામેલ કરવામાં આવી છે.

Vivekanand Academy, Gandhinagar

- આ ઉપરાંત દિલ્લી, મુંબઇ, લખનવ, હૈદરાબાદ અને બેંગ્લોરની ફ્રેન્ચાઇઝીઓ લીગમાં હશે.
- પ્રથમ સિઝનમાં હૈદરાબાદ હોટશોટ ટીમ ચેમ્પિયન બની હતી.

Vivekanand Academy, Gandhinagar